## રાજ્યમાં વધુ ૧૩૮૦૪ નવા કેસ : ગાંધીનગરમાં ૨૮૦ : અમદાવાદમાં ૫૪૧૧

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૪૩ | ૨૪ એપ્રિલ, ૨૦૨૧, શનિવાર; ચૈત્ર સુદ - ૧૨ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# ગાંધીનગરમાં ૧૨૦૦ બેડની હોસ્પિટલ બનશે : અમિત શાહ

## અમદાવાદમાં ૯૦૦ બેડની ધનવન્તરી હોસ્પિટલની મુલાકાત લીધા બાદ કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે આઇસોલેશન સેન્ટરો માટે અમદાવાદની ક્લબોએ સંમતિ આપી છે

ગુજરાતના પાટનગર ગાંધીનગર સ્થિત હેલિપેડ ગ્રાઉન્ડ પર ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલ બનાવવામાં આવશે તેવી જાહેરાત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કરી છે. તેમણે કહ્યું છે કે આ હોસ્પિટલ ટાટા ટ્રસ્ટના આર્થિક સહયોગથી બનાવવામાં આવશે અને તે ડીઆરડીઓ સ્થાપિત હશે.

આ હોસ્પિટલમાં ૬૦૦ આઈસીયુ બેડ હશે. રાજ્યમાં ૧૨૦૦ બેડની આ બીજી કોવિડ હોસ્પિટલ હશે. અમિત શાહે ડોક્ટરોને અપીલ કરી હતી કે કોરોના દર્દીઓ માટેના બેડ માટે કોઈ મુશ્કેલી ઉભી થાય નહીં તે માટે ગાંધીનગરમાં આ હોસ્પિટલ બનાવવામાં આવી રહી છે. ટેલીફોનિક ગાઈડન્સ માટે નવા ટોલફ્રી નંબરની પણ તેમણે જાહેરાત કરતાં જણાવ્યું કે લોકોને કોરોના અંગે સંપૂર્ણ માહિતી મળી રહે તે માટે આ ટોલ ફ્રી નંબર બે દિવસમાં શરૂ કરવામાં આવશે જેમાં ૫૦ ડોક્ટરો સેવા આપશે.



અમદાવાદમાં યુનિવર્સિટીના કન્વેન્શન અને એક્ઝિબિશન સેન્ટરમાં બનાવવામાં આવેલી ૯૦૦ બેડની ધનવન્તરી કોરોના હોસ્પિટલની અમિત શાહે મુલાકાત લીધી હતી. આ હોસ્પિટલ આવતીકાલથી શરૂ થઈ રહી છે. આ મુલાકાત પછી તેમણે કોરોના સંક્રમણના કેસો અને સ્થિતિ સંદર્ભે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી અને કહ્યું હતું કે ગુજરાતમાં કોરોના સંક્રમણ સામે સરકાર સારૂં કામ કરી રહી છે.

અમિત શાહે રેમડેસિવિરના ઉપયોગ બાબતે ડોક્ટરોનેચેતવણી આપી હતી અને કહ્યું હતું કે ડોક્ટરો આ ઈન્જેકશનનો ઉપયોગ સંયમતાથી કરે તે જરૂરી છે. તેમણે કહ્યું હતું કે ગુજરાતમા રસીકરણ ઝડપથી થાય તે માટે પ્રયાસો કરવા જોઈએ. ઓક્સિજન તેમજ દવાઓની તંગી સર્જાવી ન જોઈએ તે દિશામાં સરકાર પણ કામ કરી રહી છે. ઓક્સિજનના બગાડ બાબતે પણ અમિત શાહે ધ્યાન દોર્યું હતું અને કહ્યું હતું કે ઓક્સિજન કે દવાઓની તંગી સર્જાય નહીં તે માટે સૂચનાઓ આપવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં વધતા જતા કોરોના કેસો સામે આઈસોલેશન સેન્ટરો માટે કર્ણાવતી ક્લબ, એડીસી, જીએસસી, રાજપથ ક્લબ અને ઉમિયા પરિવારે સંમતિ આપી છે.

આ હોસ્પિટલની તૈયારીઓનો તાગ મેળવવા અને ડ્રાયરનમાં ખુદ ગૃહમંત્રી અમિત શાહ આવ્યા છે. તેમણે ગુજરાતની કોરોના અંગેની સ્થિતિનો તાગ મેળવવા માટે પણ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં તમામ હાઈલેવલનાં અધિકારીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત તેમની સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિતનાં તમામ ટોચના અધિકારીઓ સાથે ગૃહમંત્રી અમિત શાહ બેઠક યોજી રહ્યા છે. ગુજરાત સરકારની તૈયારીઓ પ્રત્યે ગૃહમંત્રી અમિત શાહે આ બેઠકમાં ગૃહમંત્રી સાથે મુખ્ય સચિવ અનિલ મુકીમ, આરોગ્ય સચિવ જયંતી રવિ, આઈએએસ કૈલાસનાથન, આરોગ્ય કમિશ્નર જયપ્રકાશ શિવહરે, સહિત અનેક ટોચનાં અધિકારીઓ હાજર રહ્યા હતા.



આ બેઠક બાદ તેઓ પત્રકાર પરિષદને સંબોધિત કરશે. સ્થિતી અંગે પત્રકારોને માહિતગાર કર્યા હતા. અમિત શાહે જણાવ્યું કે, રસીકરણ વધારવા માટે પણ કેટલાક મહત્વાં નિર્ણયો લીધા છે. જો કે રસીકરણ ઝડપથી થાય તે માટે ખુબ જ વિચારણા ચાલી રહી છે. ઓક્સિજન અને કોરોના માટે જરૂરી દવાઓ અને ઈન્જેક્શનનાં સપ્લાયનો પણ રિવ્યું થયો છે. કમસે કમ ગુજરાત માટે હું કહી શકું કે અહીં સારી વ્યવસ્થા કરવામાં આવી છે. ઓક્સિજન અંગે પણ મે વાતચીત કરી છે. જો કે ઓક્સિજનનો બગાડ પણ ખુબ જ થઈ રહ્યો જેને કાબુમાં લેવા માટે છ્જી અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. વડાપ્રધાને પોતે પણ મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રી સાથે વાતચીત કરી છે.

# દેશમાં ઓક્સિજનના સંકટને નાથવા વાયુસેનાએ હવે મોરચો સંભાળ્યો

## એરફોર્સ ઓક્સિજન કન્ટેનર્સને એકથી બીજી જગ્યાએ પહોંચાડવામાં કાર્યરત સેના ૨૩ મોબાઈલ ઓક્સિજન જનરેશન પ્લાન્ટ્સ જર્મનીથી એરલિફ્ટ કરશે

નવી દિલ્હી, તા. ૨૩

હાલ દેશ કોરોનાના મહાસંકટ સામે ઝઝુમી રહ્યો છે. સતત વધી રહેલા કેસ અને ઉંચે જઈ રહેલા મૃતકઆંકની વચ્ચે ઓક્સિજનની તંગી સૌથી મોટું સંકટ છે. ત્યારે હવે આ સંકટને નાથવા માટે વાયુસેનાએ મોરચો સંભાળી લીધો છે. એરફોર્સ હવે ઓક્સિજન કન્ટેનર્સને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવામાં કાર્યરત થઈ ગઈ છે.

ભારતીય વાયુસેનાના બે સી૧૭ વિમાનોએ બે મોટા ઓક્સિજન કન્ટેનર્સ, આઈએલ૭૬એ એક ખાલી કન્ટેનર બંગાળના પન્નાગઢ પહોંચાડ્યું હતું. આ ત્રણેય કન્ટેનર્સને ઓક્સિજનથી ભરવામાં આવશે અને દિલ્હી લાવવામાં આવશે. ઓક્સિજન સપ્લાય પૂરો પાડવા વાયુસેના દેશના વિવિધ ક્ષેત્રોમાં આ પ્રકારનું ઓપરેશન પાર પાડશે.

એટલું જ નહીં, વાયુસેના ૨૩ મોબાઈલ ઓક્સિજન જનરેશન પ્લાન્ટ્સ પણ જર્મનીથી એરલિફ્ટ કરશે જેથી તેને હોસ્પિટલની નજીક લગાવી શકાય અને અડચણ વગર ઓક્સિજન સપ્લાય ચાલુ રાખી શકાય.

અગાઉ વાયુસેનાએ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના લેહ ખાતે કોવિડ ટેસ્ટિંગ સેટઅપ પહોંચાડ્યું હતું જેથી ટેસ્ટિંગ પ્રક્રિયામાં કોઈ પણ જાતની અડચણ ન આવે. ઉલ્લેખનીય છે કે, દેશના અનેક રાજ્યોની હોસ્પિટલો હાલ ઓક્સિજનની તંગીનો સામનો કરી રહી છે.

કેન્દ્ર સરકારના અહેવાલ પ્રમાણે ઓક્સિજનની તંગી નથી પણ સપ્લાયમાં ખૂબ મુશ્કેલી પડી રહી છે. અનેક જગ્યાએ રોડ માર્ગે ઓક્સિજન પહોંચાડાઈ રહ્યો હોવાથી સમય લાગી રહ્યો છે. આ કારણે જ દિલ્હી, મહારાષ્ટ્ર, યુપી, મધ્ય પ્રદેશ, કર્ણાટક સહિત અનેક ડઝન રાજ્યોમાં હાલ ઓક્સિજનની તંગી વર્તાઈ રહી છે.

દેશના વિભિન્ન રાજ્યોમાં હાલ ઓક્સિજન સંકટ ચાલી રહ્યું છે. આ કારણે ઝારખંડના બોકારો ખાતેથી ઓક્સિજન એક્સપ્રેસ દ્વારા સપ્લાયને ગતિ આપવામાં આવી રહી છે. શુક્રવારે બોકારોથી લખનૌ માટે ઓક્સિજન એક્સપ્રેસ રવાના થઈ હતી જેમાં કુલ ૩ ટેક્રર મોકલવામાં આવ્યા હતા.

ઓક્સિજન એક્સપ્રેસ લખનૌથી ૩ ટેક્રર્સ લાવી છે. માત્ર ૪ કલાકમાં આશરે ૫૦ ટન લિક્વિડ ઓક્સિજન ભરી દેવામાં આવ્યો હતો. બોકારોથી યુપી, એમપી, છત્તીસગઢ, બિહાર, બંગાળમાં સપ્લાય થઈ રહ્યો છે.

# સરકાર લાચાર : દેશમાં ૩.૩૨ લાખ નવા કેસ

## ૨૪ કલાકમાં ૨૫૫૬ દર્દીનાં મોત : દુનિયામાં બ્રાઝીલ પછી ભારત એકમાત્ર એવો દેશ છે જ્યાં કોરોનાથી એક દિવસમાં આટલા મોત થઈ રહ્યા છે

નવી દિલ્હી,તા.૨૩

દેશ ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે. કોરોના વાયરસ દરરોજ રેકોર્ડ તોડી રહ્યો છે. નવા દર્દીઓના કેસમાં આપણો દેશ અમેરિકાથી પણ આગળ નીકળી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં રેકોર્ડ ૩ લાખ ૩૨ હજાર ૩૨૦ કેસ નોંધાયા છે. આ આંકડો દેશમાં અત્યાર સુધી એક દિવસમાં નોંધાયેલા સર્વાધિક કેસ છે. આ પહેલા ભારતમાં ગુરુવારે જાહેર થયેલા આંકડા પ્રમાણે ૩ લાખ ૧૫ હજાર ૫૫૨ કેસ નોંધાયા હતા. મોતનો આંકડો પણ છેલ્લા બે દિવસખી ખૂબ જ ડરાવનારા આવી રહ્યા છે. ગુરુવારે દેશમાં ૨,૫૫૬ લોકોએ કોરોનાથી દમ તોડી દીધો હતો. આખી દુનિયામાં બ્રાઝીલ પછી ભારત એકમાત્ર એવો દેશ છે જ્યાં કોરોનાથી એક દિવસમાં આટલા મોત થઈ રહ્યા છે. ગુરુવારે દેશમાં એક્વિટ કેસમાં પણ રેકોર્ડ વધારે થયો છે. એક જ દિવસમાં દેશમાં ૧ લાખ ૪૨ હજાર ૮૦ એક્ટિવ કેસ વધ્યા છે. હવે આખા દેશમાં ૨૪.૨૨ લાખ એક્ટિવ દર્દી છે, જેમની સારવાર ચાલી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧.૯૨ લાખ દર્દીઓ સાજા પણ થયા છે. કોરોનાથી દેશમાં હવે ૧.૫૯ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે. ૧.૩૪ કરોડ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. અત્યારસુધી દેશમાં કોરોનાથી ૧.૮૪ લાખ લોકોનાં મોત થયા છે. દેશમાં ૨૪ કલાકમાં સૌથી વધારે ૫૬૮ મોત મહારાષ્ટ્રમાં થયા છે. જે બાદમાં દિલ્હીમાં ૩૦૬, છત્તીસગઢમાં ૨૦૭, ઉત્તર પ્રદેશમાં ૧૯૫, ગુજરાતમાં ૧૩૭, કર્ણાટકમાં ૧૨૩, પંજાબમાં ૭૫ અને મધ્ય પ્રદેશમાં ૭૫ લોકોનાં મોત થયા છે. આ આઠ રાજ્યમાં કુલ ૧૬૮૬ મોત થયા છે, જે કુલ ૨,૨૫૬ મોતના ૭૫ ટકા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા રેકોર્ડબ્રેક ૧૩,૧૦૫ કેસ નોંધાયા છે. જેની સામે ૫,૦૧૦ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૧૩૭ દર્દીનાં મોત થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૫,૮૭૭ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૭૮.૪૧ ટકા છે. રાજ્યમાં અત્યારે કુલ ૯૨,૦૮૪ દર્દીઓ એક્ટિવ પેશન્ટ તરીકે દાખલ છે, જેમાંથી ૩૭૬ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં ૯૧,૭૦૮ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૩,૫૫,૮૭૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

# દિલ્હીમાં ઓક્સિજનના ઓછા પ્રેશરથી ૨૫નાં મોત

નવી દિલ્હી, તા. ૨૩

દેશની રાજધાની દિલ્હીમાં ઓક્સિજનની અછત કોરોનાના દર્દીઓ માટે જીવલેણ પુરવાર થઈ રહી છે. દિલ્હીમાં સર ગંગારામ હોસ્પિટલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૫ દર્દીઓના ઓક્સિજનના ઓછા પ્રેશરના કારણે મોત થયા બાદ હાહાકાર મચી ગયો છે.

હોસ્પિટલના સુત્રોએ કહ્યુ હતુ કે, સંખ્યાબંધ દર્દીઓને હાઈ પ્રેશર ઓક્સિજનની જરુર હતી પણ ઓક્સિજન પ્રેશર ઓછુ થઈ ગયુ હોવાથી કેટલાકના મોત થયા હતા તો કેટલાકના બેડ નહીં મળવાના કારણે મોત થયા હતા. જોકે હવે એવા અહેવાલ મળ્યા છે કે, સવારે સાડા નવ વાગ્યે ઓક્સિજન ભરેલુ એક ટેક્રર અહીંયા પહોંચ્યુ હતુ.

હજી પણ ગંભીર રીતે બીમાર બીજા ૬૦ દર્દીઓના જીવ ખતરામાં છે. ગંભીર સંકટ માથા પર તોળાઈ રહ્યુ છે અને હોસ્પિટલને ઓક્સિજનની તાતી જરુરિયાત છે. હોસ્પિટલના આઈસીયુમાં દર્દીને હાથથી ઓક્સિજન આપવાના પ્રયાસો થઈ રહ્યા છે.

## ટેલિફોનિક બેસણું



### ધનજીભાઈ દેવાભાઇ પરમાર

(ડી ડી પરમાર - નિવૃત્ત ઉપ સચિવ)

૧૦-૨-૧૯૫૫ થી સદાકાળ...

ટેલિફોનિક/વર્ચ્યુઅલ બેસણું તા ૨૪ એપ્રિલ ૨૦૨૧ ના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન રાખેલું છે.આપ 9723367947, 8866315072, 9099040370 નંબર પર ફોન કરી શકો છો અથવા વોટસ એપ સંદેશ મોકલી શકો છો.

આપની સ્મૃતિ સહ...

હંસાબેન પરમાર, રશ્મિ, ઉત્સવ, આકાશ, રમેશભાઈ પરમાર અને પરિવાર..

સરકાર માન્ય

## વાછાણી COVID-19 હોસ્પિટલ

૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ

સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

95123 55568 | 95123 55569

ઉપલબ્ધ સારવાર

૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ

વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી


સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા

કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦

નોંધઃ વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.

COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL

## મોડાસા એકડા વિશા ખડાયતા બેસણું



### કનુભાઈ શિવલાલ શાહ (આકરૂન્દવાળા) ગાંધીનગર

તા.૧૮-૪-૨૦૨૧ રવિવાર ના રોજ શ્રીજી ચરણ થયેલ છે.

આપના પૂણ્યત્માની દિવ્ય જ્યોતિનો પ્રકાશ અમોને સદૈવ આત્મબળ અને પ્રેરણા આપતો રહેશે.

પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

હાલની પરિસ્થિતીને કારણે ઝુમ મીટીગ રવિવાર તા.૨૫-૪-૨૦૨૧ ના રોજ સવારે ૯-૦૦ કલાક થી ૧૧-૦૦ કલાક સુધી તેમજ ટેલીફોનિક બેસણું સવારે ૧૧-૧૫ કલાકથી ૧૨-૧૫ કલાક સુધી રાખેલ છે.

ઝુમ મીટીગ : Meeting Id: 3720688331 Passcode: 123

લી.

શીલાબેન કનુભાઈ શાહ –9925022486

રાકેશભાઈ કનુભાઈ શાહ–9825322958 નિકીતાબેન રાકેશભાઈ શાહ

શેતલભાઈ કનુભાઈ શાહ–9925133139 સોનલબેન શેતલભાઈ શાહ

કુશ – ધૈર્ય – નીલ – મીત

તથા સ્વ.શીવલાલ પાનાચંદ શાહ પરીવાર

શ્રી વિનય ટ્રેડર્સ-ગાંધીનગર (અંબુજા સિમેન્ટ)

પિયર પક્ષ :- સ્વ.વાડીલાલ પ્રેમચંદ મહેતા (ધનસુરા) પરીવાર

રાજુભાઈ મહેતા –૯૩૭૭૭૮૨૮૩૬